ડભોડા પોલીસે વલાદ ગામમાંથી ચાર શકુનિઓને મુદ્દામાલ સહિત પકડયા

ગાંધીનગર, તા.૭

ડભોડા પોલીસે બે વલાદ ગામમાં દરોડો પાડી ચાર શકુનિઓને પકડી પાડ્યા હતા. વલાદ ગામમાં બ્રાઈટ સ્કુલની પાછળ દરોડો પાડીને પોલીસે ચાર શખ્સો

પકડયા હતા. ડભોડા પોલીસે ત્યાંથી ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ચાર શખ્સોને રોકડ સહિત કુલ રૂ.૫૮,૩૨૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી ચારેય ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પી.એસ.આઈ હિરેન દેસાઈની સૂચનાથી તેમની ટીમ શ્રાવણીયા જુગાર પર ખાસ વોચ રાખી રહી છે ત્યારે બાતમી મળી હતી કે વલાદ ગામમાં બ્રાઈટ સ્કુલની પાસે ચાર શખ્સો ખુલ્લેઆમ જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પી.એસ.આઈ હિરેન દેસાઈ તથા તેમની ટીમે બાતમી વાળા સ્થળે વલાદ ગામમાં દરોડો પાડયો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે કોર્ડન કરીને જુગાર રમી રહેલા ચારેય જુગારીઓને દબોચી લીધા હતા. નાના ચિલોડા રહેતા રમેશ નટુ ઓડ, તુલશી કાળુ વણઝારા, પંકજ વિક્રમ સિસોદિયા અને માનવેન્દ્ર હઠીસિંહ ભાટી મળીને ચારેય શખ્સોને રોકડ રૂપિયા ૧૨,૩૨૦ તથા ચાર મોબાઈલ અને બે વાહનો મળને કુલ રૂ.૫૮, ૩૨૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ચારેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

યૂનોના પૂર્વ જનરલ સેક્રેટરી માનકીબુને આજે ગાંધીનગર તાલુકાના ઉનાવા ખાતે આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત શરૂ થઈ રહેલા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની મુલાકાત લીધી હતી. તેમની આ મુલાકાત વેળાએ રાજ્યના આરોગ્ય કમિશ્નર સુશ્રી જયંતિ રવિ, એન.આર.એચ.એમ.ના એમ.ડી. ગૌરવ દહીંયા, જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એમ.એસ. સોલંકી તેમજ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ડૉ. અજય ગોર સિન્ડીકેટ સભ્ય તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત પ્રમુખસ્વામી સાયન્સ એન્ડ એચ.ડી. પટેલ આર્ટ્સ કોલેજ, કડીના પ્રિન્સિપાલ ડૉ.અજય એસ. ગોરની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટીના કુલપતિશ્રી ડૉ.બી.એ. પ્રજાપતિ સાહેબે યુનીવર્સીટીના એક્ઝીક્યુટીવ કાઉન્સીલ (સિન્ડીકેટ)માં ત્રણ વર્ષ માટે નિમણુંક કરી છે. આ અગાઉ ડૉ. અજય એસ. ગોર ઉત્તર ગુજરાત યુનીવર્સીટીમાં સેનેટ સભ્ય, એકેડેમિક કાઉન્સીલ, જોઈન્ડ એડવાઈઝરી કમીટી, યુનીવર્સીટી સ્પોર્ટ કમીટી, ચેરમેન બોર્ડ ઓફ સ્ટડીઝ વગેરે જેવી સમિતિઓમાં સક્રિય સભ્ય તરીકે કાર્ય કરી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટીના વિકાસમાં ફાળો આપતા રહ્યા છે. ૨૦૧૩ના વાયબ્રન્ટ ગુજરાત સમિટ બાદ રાજ્ય સરકાર દ્વારા તેઓ વર્લ્ડ ક્લાસ યુનીવર્સીટી પ્રોજેક્ટ હેઠળ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટીના પ્રતિનિધિ તરીકે પણ કાર્ય કરી રહ્યા છે. તેમની આ સિન્ડીકેટ સભ્ય તરીકે નિમણુંક થતા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલે ખૂબ અભિનંદન પાઠવ્યા છે. તથા શિક્ષણ જગતના સર્વે કર્મયોગીઓ તેમણે અભિનંદન પાઠવી રહ્યા છે.

જિલ્લામાં ત્રણ સેવાસેતું કાર્યક્રમમાં ૧૪,૬૪૮ અરજદારોએ લાભ લીધો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ચોથા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમ માણસા અને દહેગામ નગરપાલિકા દ્વારા તથા કલોલ તાલુકાના મુબારકપુર ગામ મળી કુલ ત્રણ સેવાસેતું કાર્યક્રમમાં કુલ ૧૪,૬૪૮ અરજદારોની અરજીઓનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો.

માણસા નગરપાલિકાનાં સેવાસેતું કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી હિતેશભાઈ કોયા અને પુર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, પ્રાંત અધિકારી હર્ષ યાદવ, માણસા નગરપાલીકાના ચીફ ઓફીસર રજનીકાંન્ત પટેલ, પ્રમુખ બાબુભાઈ પટેલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી મા અમૃતમ કાર્ડ તથા રેશનકાર્ડનું લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી હિતેશભાઈ કોયાએ લાભાર્થીઓ માટે કરેલ સુંદર

આયોજનની પ્રશંસા કરી હતી.

માણસા નગરપાલિકા દ્વારા યોજાયેલ સેવાસેતું કાર્યક્રમમાં ૬,૮૩૩, દહેગામ નગરપાલિકા દ્વારા યોજાયેલ સેવાસેતું કાર્યક્રમમાં કુલ - ૧૧૩૯ અરજીઓમાંથી ૧૦૮૨ અરજીઓનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો છે. કલોલ તાલુકાના માણેકપુર ગામ ખાતે યોજાયેલ સેવાસેતું કાર્યક્રમમાં ૬,૭૩૩ અરજદારોને લાભ આપવામાં આવ્યો હતો.

કલોલ તાલુકાના માણેકપુર ગામે યોજાયેલ સેવાસેતું કાર્યક્રમમાં બાલવા, ઈટલા, નાદરી, ચાંદીસણા અને અલુવા ગામના અરજદારોને લાભ આપવામાં આવ્યો હતો. દહેગામ ખાતે નગરપાલીકા દ્વારા યોજાયેલ સેવાસેતું કાર્યક્રમમાં દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ અને નગરપાલીકાના ચીફ ઓફીસર દ્વારા અરજદારોને લાભ આપવામાં આવ્યો હતો. સેવાસેતું કાર્યક્રમમાં લાભાર્થીઓને જિલ્લા પ્રશાસન દ્વારા પારદર્શિતાની પ્રતીતિ પ્રજાજનોને થઈ હતી અને ઝડપથી એક જ સ્થળે વિવિધ સેવાઓનો લાભા લીધો હતો. ત્રણ સેવાસેતું કાર્યક્રમોમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયુર્વેદમેડીકલ કેમ્પ સહિત તબીબી સારવાર અને વન વિભાગ દ્વારા રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

માણસા મામલતદાર એમ. બી. પરમાર, કલોલ મામલતદાર વી.આર. પટેલ, સંબંધિત તાલુકા વિકાસ અધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં પ્રજાજનોએ સેવાસેતું કાર્યક્રમનો લાભ લીધો હતો.

દબાણ હટાવવામાં સમાનતા અને સંયમ રાખવાની માંગ સાથેની દરખાસ્ત કોંગ્રેસ લાવશે

કોંગી કાઉન્સીલર અંકિત બારોટે આજે દરખાસ્ત મેયરને મોકલી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં દબાણ હટાવવાની કામગીરીમાં વ્હાલા-દવલાંની નીતિ તંત્ર દ્વારા અખત્યાર કરવામાં આવી રહી છે ત્યારે કોંગ્રેસ પક્ષ આનો વિરોધ કરી અને આ નીતિનો સમાનતાના સિદ્ધાંત સાથે અમલ કરવા માટેની દરખાસ્ત કરશે.

કોંગ્રેસના કાઉન્સીલર અંકિત બારોટે આ અંગે એક ચોક્કસ અને સમયબદ્ધ કાર્યક્રમની માંગ કરી આખી દરખાસ્ત મેયર પ્રવિણ પટેલને મોકલી આપી છે.

કોંગી કાઉન્સીલર અંકિત બારોટે આ દરખાસ્તમાં સે. ૨૪ને વારંવાર કેમ ટાર્ગેટ કરાય છે તેવો આક્ષેપ કરી જણાવ્યુ છે કે સે. ૧ થી ૩૦માં સમયબદ્ધ રીતે દબાણ હટાવવાની કામગીરી સમાનતાના સિદ્ધાંત સાથે અમલમાં મુકવી જોઈએ.

બારોટે આ દરખાસ્તમાં રહેણાંક વિસ્તારમાંથી વાણિજ્ય વિસ્તાર બનેલા દબાણો અંગે કેમ કાર્યવાહી થતી નથી ? સે. ૨૪ સિવાય અન્ય સેક્ટરોમાં રહેણાંક વિસ્તારમાં ચાલતી હોસ્ટેલ, હોસ્પિટલો સામે કેમ કાર્યવાહી કરવામાં આવતી નથી.

તેમણે તેમની આ દરખાસ્તમાં દબાણ હટાવવા જતી ટીમ સાથેના અધિકારીઓ બેફામ વાણી વિલાસ કરતા હોવાની ફરિયાદ કરી તેની તપાસ કરવાની માંગ કરી છે.

બારોટે તેની આ દરખાસ્તમાં સે. ૨૪માં જે રીતે દબાણો દૂર કરવામાં તંત્રએ દાખવેલી નિષ્ફળતાને પગલે સે. ૨૪ના વસાહતીઓમાં ભયની લાગણી પ્રસરી હોવાનું જણાવી આ બાબતે તંત્ર વસાહતીઓના ભયને દૂર કરવાની કાર્યવાહી કરે તેવી માંગ કરી છે.

૧૪મીની સામાન્યસભા માટે કોંગ્રેસ એક પછી એક મુદ્દા રજુ કરી રહી છે તે જોતાં આ બેઠક તોફાની બનશે તેમ મનાઈ રહ્યું છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ એજન્ડા સિવાયના મુદ્દાઓ ચર્ચામાં લેવા કે કેમ તે અંગેનો નિર્ણય હજુ મેયર દ્વારા લેવાયો નથી. લગભગ સોમવારે સાંજ સુધીમાં નિર્ણય લેવાય તેવી શક્યતાઓ છે.

કલોલ તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર તેમજ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કલોલ તાલુકા શાળા વિકાસ સંકુલ (સુંદરમ)નું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન-૨૦૧૮-૧૯ તા. ૬ અને ૭ સપ્ટેમ્બરના રોજ પટેલ એસ.એન. ડેરીવાલા હાઈસ્કૂલ, ડીંગુચા ખાતે યોજાઈ ગયુ. કલોલ તાલુકાની ૪૦થી વધુ શાળાની કુલ ૫૯ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. બાળ વૈજ્ઞાનિકોએ કૃષિ અને સજીવ ખેતી, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા, સંસાધન અને વ્યવસ્થાપન તથા કચરાનું વ્યવસ્થાપન જેવા વિષયોને સ્પર્શતા વિવિધ પ્રયોગો-નિદર્શનો-પ્રદર્શનો-મોડેલ્સ-ચાર્ટસ રજૂ કરવામાં આવ્યા હતા.

ધણપ અભિલાષા ફાઉન્ડેશન દ્વારા શહીદ જવાનના પરિવારને સહાય ચેક અર્પણ

ગાંધીનગર તાલુકાના ધણપ ગામે અભિલાષા ફાઉન્ડેશન એ ડીવાઈન ઝેલ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના નવાણિયા ગામના શહીદ જવાન સ્વ. ધનરાજસિંહ હિગુભા પરમારના પરિવારને મદદરૂપ થવાના હેતુસર તેમના માતૃશ્રીને રૂ. ૪૦ હજારનો ચેક ધણપ સ્થિત અભિલાષા ફાઉન્ડેશનના પ્રમુખ રઘુભાઈ આચાર્ય (ધણપ), વિકાસ પટેલ (કાનપુર), પંકજ પટેલ (ધણપ), રાજુ પટેલ (કાનપુર)ની ઉપસ્થિતિમાં અર્પણ કરાયો હતો.

જનતાના દ્વારે જઈને તેમની સમસ્યાઓના ઉકેલ માટે સરકારે આરંભ્યો છે સેવા સેતુ કાર્યક્રમ : મુખ્યમંત્રીશ્રી

દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના નાનકડા એવા બોદાલી ગામમાં તાજેતરમાં નવસારી જિલ્લાના વહીવટીતંત્રના અધિકારીઓ - કર્મચારીઓ અને રાજ્ય સરકારના પ્રતિનિધિઓ સેવા સેતુ કાર્યક્રમ માટે પહોંચ્યા. આ પ્રતિનિધિઓ એટલા માટે ગામડાં ખૂંદીને બોદાલી ગામે પહોંચ્યા હતા કેમકે ગામડાઓમાં વસતા નાગરિકોને છેક તાલુકા કે જિલ્લા કચેરીઓમાં તેમના કામ માટે ધક્કા ખાવા ના પડે અને ગ્રામ્યજનોને તેમના કામોનો પોતાના ઘરઆંગણે જ ઉકેલ આવી જાય. આ માટે સામે ચાલીને વહીવટીતંત્રના અધિકારીઓ - કર્મચારીઓ - જનપ્રતિનિધિઓ ગામમાં પહોંચી ગયાં હતાં અને વૃદ્ધ પેન્શન, મા વાત્સલ્ય કાર્ડ સહિતના કામોનો સ્થળ પર ચપટી વગાડતાં જ ઉકેલ લાવી દઈને રાજ્ય સરકારના પારદર્શી વહીવટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

નવસારીના બોદાલી ગામે સેવા સેતુ કાર્યક્રમમાં નાગરિકોએ મેળવ્યા તેમના પ્રશ્નોના ઉકેલ

મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ નિર્ણાયક સરકારના સંવેદનશીલ અભિગમ સમા સેવા સેતુ કાર્યક્રમના ચોથા ચરણનો દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ઢઢેલા ગામેથી રાજયવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે યોજાયેલ પશુ આરોગ્ય મેળાની મુલાકાત લઈ ખરવા મોવાસા મુકામે રસીકરણ કાર્યક્રમનો મુખ્યમંત્રીશ્રીએ રાજયવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, નાગરિકોની રજૂઆતોનો ઘરઆંગણે ઉકેલ લાવી રાજ્ય સરકારે સેવા સેતુ કાર્યક્રમ દ્વારા પારદર્શી પ્રશાસનની નાગરિકોને પ્રતીતિ કરાવી છે. સમાજના છેવાડાના માનવીને કેન્દ્રસ્થાને રાખીને સાચો લાભાર્થી લાભ વગર રહી ન જાય અને ખોટા લાભાર્થીઓ લાભ ન લઈ જાય તેની વિશેષ તકેદારી રાખવામાં આવી છે એમ તેમણે ઉમેર્યું હતું.

જો તમને તમારા ઘરઆંગણે તમારા પ્રશ્નોનો ઉકેલ મળે તો? તમારા પ્રશ્નોનું નિરાકરણ લાવવા ખુદ સરકાર સામે ચાલીને તમારા ઘરઆંગણે આવે તો ? આવી બધી અચરજ પમાડે તેવી બાબતો ગુજરાતમાં હકીકત બની છે. ગુજરાતના નાગરિકોને તેમનો હક અને અધિકાર આપવા માટે રાજ્ય સરકાર ગામેગામ ફરીને સેવા સેતુ કાર્યક્રમ યોજી રહી છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં શરૂ થયેલા સેવા સેતુ કાર્યક્રમના કારણે આ શક્ય બન્યું છે.

બોદાલી ખાતે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં બોદાલી ગામ પાસે આવેલા કોથમડી ગામના સોનલબહેન ભરતભાઈ હળપતિને ઓન ધ સ્પોટ વિધવા પેન્શનનો હુકમ મળી ગયો, ત્યારે સોનલબહેનના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. સોનલબહેને ખુશ થઈને જણાવ્યું હતું કે, મને ગામમાં ખબર મળતા હું સેવા સેતુ કાર્યક્રમમાં હાજર રહી હતી અને જરૂરી ફોર્મ ભરીને આપતા મને તરત જ વિધવા પેન્શનનો હુકમ મળ્યો હતો. આ માટે હું સરકારનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ઢઢેલા ખાતે યોજાયેલા સેવા સેતુ કેમ્પમાં ૨૦૦૦ જેટલા નાગરિકોને એક જ સ્થળેથી વ્યક્તિલક્ષી યોજનાઓના લાભો આપવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા મહાનુભાવોના હસ્તે રાજ્ય સરકારની વ્યક્તિલક્ષી યોજનાઓના લાભાર્થીઓને સહાય તથા પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સેવા સેતુના માધ્યમથી સરકારના વિવિધ ૧૩ વિભાગોની ૫૫ જેટલી વ્યક્તિલક્ષી યોજનાઓના લાભો એક જ સ્થળેથી નાગરિકોને આપવામાં આવે છે.

રાજ્યમાં યોજાયેલા છેલ્લા ત્રણ સેવા સેતુ કાર્યક્રમ થકી કોઈપણ જાતના વચેટીયા/દલાલો વગર પારદર્શી રીતે એક કરોડથી વધુ વ્યક્તિઓને એક સ્થળેથી વ્યક્તિલક્ષી લાભો આપવામાં આવ્યા હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય રહેશે કે, પાંચ થી છ ગામોનું એક ક્લસ્ટર બનાવી રાજ્યના તમામ ૧૮,૦૦૦ ગામોને આવરી લઈને નાગરિકોને મળવાપાત્ર લાભ તેમના દ્વારે જઈને આ સંવેદનશીલ સરકાર સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી આપી રહી છે.

દાહોદ જિલ્લાના ઢઢેલાથી રાજયવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ચોથા ચરણનો મુખ્યમંત્રીશ્રીએ પ્રારંભ કરાવ્યો તે વેળાની તસવીર

સેવા સેતુ કાર્યક્રમોની ઊડીને આંખે વળગે એવી આંકડાકીય વિગતો

તા. ૩૧-૮-૨૦૧૮ સુધીમાં યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમ (ચોથો તબક્કો)ની વિગતો

વિગતો	સેવા સેતુ કાર્યક્રમ			
	ગ્રામ્ય	નગરપાલિકા	મહાનગર-પાલિકા	કુલ
યોજાયેલ કાર્યક્રમો	૫૧૬	૭૮	૫	૫૯૯
આવરી લેવાયેલા ક્લસ્ટર	૫૧૬	૭૮	૫	૫૯૯
આવરી લેવાયેલા ગામો/વોર્ડ	૨૦૯૨	૨૪૩	૧૧	૨૩૪૬
મળેલી રજૂઆતો	૬૯૧૬૮૯	૫૮૫૩૭	૧૮૧૬૨	૭૬૮૩૮૮
હકારાત્મક ઉકેલ આવેલી રજૂઆતો	૬૮૯૨૩૫	૫૭૯૬૭	૧૮૧૩૪	૭૬૫૩૩૬
હકારાત્મક ઉકેલની ટકાવારી	૯૯.૬૫	૯૯.૦૩	૯૯.૮૫	૯૯.૬૦
પ્રથમ, બીજા, ત્રીજા અને ચોથા તબક્કા દરમિયાન હકારાત્મક ઉકેલ આવેલી અરજીઓની સંખ્યા				
પ્રથમ તબક્કો	૨૮૭૦૩૬૯	૫૨૧૩૯૪	૧૭૯૩૪૫	૩૫૭૧૧૦૮
બીજો તબક્કો	૩૨૫૮૨૮૧	૩૧૪૩૨૩	૭૨૬૧૫	૩૬૪૫૨૧૯
ત્રીજો તબક્કો	૪૩૦૧૪૫૬	૩૬૭૯૪૨	૭૦૫૮૬	૪૭૩૯૯૮૪
ચોથો તબક્કો	૬૮૯૨૩૫	૫૭૯૬૭	૧૮૧૩૪	૭૬૫૩૩૬
કુલ	૧૧૧૧૯૩૪૧	૧૨૬૧૬૨૬	૩૪૦૬૮૦	૧૨૭૨૧૬૪૭

Dy. CM સાંગણપુર ગામના સેવા સેતુ કાર્યક્રમમાં ગયા

મહેસાણા જિલ્લાના સાંગણપુર ગામે સેવા સેતુના કાર્યક્રમનો પ્રારંભ કરાવી રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, સુશાસનના ચાર સ્થંભ પારદર્શીતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતા દ્વારા અંતરિયાળ વિસ્તારના નાગરિકોને રાજ્ય સરકારની વિવિધ યોજનાના લાભો પૂરા પાડવા માટે રાજ્ય સરકારે યોજેલા સેવા સેતુ કાર્યક્રમો સાચા અર્થમાં લોકાભિમુખ કાર્યક્રમ બની ગયા છે. સેવા સેતુના માધ્યમ દ્વારા રાજ્યના પ્રજાજનોને યોજનાકીય લાભો તાલુકા કે, જિલ્લા કચેરીએ ગયા વગર ગ્રામ્યકક્ષાએ મળતા થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા આ નવતર અભિગમને રાજ્યમાં વ્યાપક જનપ્રતિસાદ સાંપડી રહ્યો છે.

સેવા સેતુ કાર્યક્રમમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોની સેવા જેવી કે આવકના દાખલા, જાતિના દાખલા, આધાર કાર્ડ, રેશનકાર્ડ, ક્રિમિલેયર પ્રમાણપત્ર, વિધવા સહાય, જમીન માપણી નવી નોંધ દાખલ કરવી, મા અમૃતમ, વાત્સલ્ય કાર્ડ જેવી અનેકવિધ સેવાઓ સ્થળ પર જ તાત્કાલિક આપવામાં આવી રહી છે.

જન સામાન્યની તકલીફોનો ઉકેલ સેવા સેતુનો હાર્દ

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ચિયાડ ગામે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં રાજ્યના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સામાન્ય માણસની તકલીફ દૂર કરવા સેવા સેતુ કાર્યક્રમની શરૂઆત કરી છે. રાજ્ય સરકારે સંવેદનશીલતા દાખવી લોકોની લાગણી, માંગણી - અપેક્ષા સંતોષવા અને સામાન્ય પ્રશ્નો માટે પણ તાલુકા - જિલ્લા કક્ષાએ ના જવું પડે તે રીતે તેમની સમસ્યાનો ઉકેલ તેમના ઘરઆંગણે જ લાવવાનો મહાયજ્ઞ આરંભ્યો છે.

પ્રજાને પીડતા પ્રશ્નો ઓછા થાય તે દિશામાં રાજ્ય સરકારની કટિબદ્ધતા

અંજાર નગરપાલિકામાં સેવા સેતુના કાર્યક્રમનો પ્રારંભ કરાવતા રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિરે આહવાન કરતા જણાવ્યું હતું કે, લોકોના વ્યક્તિગત પ્રશ્નોના નિરાકરણ માટે હકારાત્મક અભિગમ રાખી દિન-પ્રતિદિન પ્રજાને પીડતા પ્રશ્નો ઓછા થાય એ દિશામાં તંત્ર કટિબદ્ધ બને. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકારે લોકોના ઘરઆંગણે જઈને તેમનાં પ્રશ્નોનો નિકાલ કરવાનો નવો અભિગમ અપનાવ્યો છે ત્યારે જનતાના દુઃખ-દર્દમાં હૃદયપૂર્વક સહભાગી થવા તેમણે હાકલ કરી હતી.

લોકોના પ્રશ્નોનું સત્વરે મળે છે સમાધાન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમીનપુર ગામે સેવા સેતુના કાર્યક્રમને ખુલ્લો મુકીને રાજ્યના મહેસૂલમંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં પ્રજાના પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ આવે તે માટે સેવા સેતુ અનોખા અભિગમ સાથે શરૂ કરવામાં આવ્યો છે. જેમાં અગાઉના ત્રણ તબક્કામાં સાબરકાંઠા જિલ્લામાં ૬૦ હજારથી વધુ લાભાર્થીઓને ઘરે બેઠા યોજનાકીય લાભ આપી લાભાન્વિત કરવામાં આવ્યા છે. સેવા સેતુના માધ્યમથી ગામડાની ગરીબ પ્રજાને તાલુકા કે જિલ્લાના મુખ્યમથક સુધી જવું ના પડે તે માટે વિવિધ યોજનાકીય સહાયના લાભ ઘરે બેઠાં પૂરા પાડવામાં આવે છે.

ડભોઈ, કરજણ, સાવલી, ડેસર અને વડોદરા(ગ્રામ) મળીને પાંચ તાલુકાઓમાં સેવા સેતુ કાર્યક્રમમાં ૩૬ જેટલા ગામોના લોકોને ઘરઆંગણે પ્રશ્નોનું સમાધાન મળતા આનંદવિભોર ગ્રામજનોની તસવીર

કેન્દ્રીયમંત્રીશ્રી ભાભોર ઢઢેલા ગામે

કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રી જશવંતસિંહ ભાભોરે દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના ઢઢેલા ગામે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારના મહત્વકાંક્ષી સેવા સેતુ કાર્યક્રમથી નાગરીકોને ઝડપભેર વ્યક્તિલક્ષી લાભો મળતાં સુશાસનની અનુભૂતિ થઈ રહી છે. દાહોદ જીલ્લામાં ત્રણ તબક્કામાં યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં બે લાખ લોકોને લાભ મળ્યો છે.

સેવા સેતુ કાર્યક્રમોએ લોકોનો વિશ્વાસ સંપાદિત કર્યો છે

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના કાકડકુવા ગામે સેવા સેતુ કાર્યક્રમના શુભારંભ પ્રસંગે રાજ્યના આરોગ્ય રાજ્યમંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે, રાજ્યની પ્રજાની સુખાકારીની કામના સેવતી સંવેદનશીલ સરકારે નાગરિકોને વ્યક્તિગત લોકકલ્યાણલક્ષી યોજનાઓનો લાભ નજીકના સ્થળે મળી રહે એ માટે પાંચ - છ ગામોનું ક્લસ્ટર બનાવી સમગ્ર વહીવટીતંત્ર ગામડે આવી લોકોને યોજનાઓનો લાભ આપી રહ્યું છે.રાજ્ય સરકારના સેવા સેતુ કાર્યક્રમોએ વહીવટીતંત્ર અને પ્રજા વચ્ચે જોડવાનું કામ કર્યું છે. સેવા સેતુ કાર્યક્રમોનું આયોજન સ્પષ્ટ કરે છે કે, સરકારના વહીવટમાં પારદર્શકતા છે.

ગણપતપુરાના સેવા સેતુ કાર્યક્રમમાં કપિલાબેને કહ્યું ચૂલો ફૂંકવામાંથી હવે મુક્તિ મળી

કરજણ તાલુકાના ધનોરા ગામની બાજુમાં આવેલા ગણપતપુરા ગામના કપિલાબહેન વસાવાને તો ઉજ્જવલા યોજના હેઠળ રાંધણગેસનું જોડાણ મળતા તેઓ ખુશખુશાલ થઈ ગયા હતા. કપિલાબહેને આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, મને તો નરેન્દ્રભાઈ મોદીએ રાંધણગેસ મોકલાવ્યો. અત્યાર સુધી બળતણ શોધવા અને ચૂલો ફૂંકવાની મહેનત કરવી પડતી, જેના કારણે તબિયત પર ઘણી ગંભીર અસર પડતી. રાંધણગેસ મળવાથી હવે મને રાહત મળશે. સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોને સરકારી કચેરીઓમાં ધક્કા ખવડાવ્યા વગર ઘરઆંગણે ઉત્તમ સેવા મળી રહી છે.

સેવા સેતુ કાર્યક્રમે પ્રસ્થાપિત કર્યા જનહિતના નવતર આયામ

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના ધનોરા ગામે સેવા સેતુના કાર્યક્રમનો પ્રારંભ કરાવી રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે, સેવા સેતુ કાર્યક્રમના અરજદારો અને લાભાર્થીઓને વધુ ઝડપી, સરળ અને અસરકારક સેવાઓની ખાત્રી મળે એ માટે રાજ્ય સરકારે તેના ક્લેવરમાં બદલાવ કર્યો છે. અગાઉ ૧૭ થી ૧૮ ગામો વચ્ચે એક સેવા સેતુ કાર્યક્રમ યોજાતો એટલે અરજદારોને તકલીફ પડતી. હવે, સેવા સેતુ ૫ થી ૬ ગામોના ક્લસ્ટરને આવરી લઈને યોજવામાં આવશે જેથી કાર્યક્રમો વધુ યોજવા પડશે પરંતુ કામની સરળતા વધશે. રાજ્ય સરકાર વિવિધ વિભાગોની જુદી જુદી યોજનાઓના અને સેવાઓનો લાભ આપવા સેવા સેતુના માધ્યમથી ઘરઆંગણે આવે છે ત્યારે નાગરિકો તેનો બહોળો લાભ લે.

સેવા સેતુ કાર્યક્રમ જન સેવાનો મહાયજ્ઞ

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ઢીંકવા ગામે સેવા સેતુના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા રાજ્ય સરકારના કૃષિ અને પંચાયત, પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું કે, સરકારી સેવાઓના લાભ, લાભાર્થીઓને ઝડપથી તેમના ઘરઆંગણે મળી રહે તે માટે સેવા સેતુ કાર્યક્રમ દ્વારા સેવાનો મહાયજ્ઞ આરંભાયો છે. સરકારે સીધે સીધી સહાય લાભાર્થીને પ્રાપ્ત થાય તેવા ઝડપી નિર્ણયો લઈ છેવાડાના માનવીની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ કર્યું છે.